# ભારતીય જનતા પક્ષ

૧૧, અશોક રોડ, નવી દિલ્હી

## સંસદનાં સંયુક્ત સત્રને રાષ્ટ્રપતિનાં સંબોધન પરનાં આભાર પ્રસ્તાવ વિષે શ્રી અરુણ જેટલીએ આપેલા વક્તવ્યના અંશો

યુપીએ સરકારે સત્તામાં નવ વર્ષ પૂર્ણ કર્યા છે. કોઇપણ સરકાર માટે સત્તામાં નવ વર્ષનો સમયગાળો દેશનું ભાવિ બદલવા માટે પુરતો છે. યુપીએ સરકાર સત્તામાં આવી ત્યારે દેશનું ચિત્ર ઉજ્જવળ હતું. દુનિયામાં ભારતનું નામ મૂડીરોકાણ માટેના ઉત્તમ સ્થાન તરીકે થતું હતું. એનડીએ સરકારે સત્તા યુપીએને સોંપી ત્યારે દેશનો વિકાસદર ૮.૪ ટકા હતો. અર્થતંત્રનાં મૂળભૂત પરિબળો ઘણા મજબુત હતા. યુપીએ સરકારની પાંચ વર્ષની મુદતમાંથી હવે સત્તામાં છેલ્લું વર્ષ બાકી રહ્યું છે ત્યારે મૂડીરોકાણ માટે દુનિયાના નકશામાં ભારતનું સ્થાન અગાઉ જેટલું આગળપડતું રહ્યું નથી.  BRICS દેશોના જૂથમાંથી I એટલે કે આપની ભારત દેશ દૂર થઇ જાય એવી ભીતી સેવાઈ રહી છે. સર્વત્ર નિરાશા, શાસન પ્રત્યે અવિશ્વાસ, નીતિગત પક્ષઘાત અને પરિવર્તનની ઝંખના દેખાય છે.

## યુપીએ સરકારે તેજસ્વી દેશને નિરાશાની ખાઈ ભણી કેવી રીતે ધકેલી દીધો...

### યુપીએ સરકારનું શાસન મોડલ

મેં વારંવાર કહ્યું છે કે યુપીએ સરકારનું શાસન મોડલ વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ માટે બંધબેસતું નથી. પક્ષના સ્વાભાવિક નેતા જ વડાપ્રધાન

હોવા જોઈએ. યુપીએ સરકારનું શાસન મોડલ એવું છે કે જેમાં બોર્ડ નિર્ણય લે અને સીઈઓ તેનો અમલ કરાવે. આવું તો કોર્પોરેટ ગવર્નન્સમાં જ ચાલે, સમગ્ર દેશનું સંચાલન આવી રીતે ન ચાલે. વડાપ્રધાન પાસે રાજકિય સત્તા ન હોવાથી નીચેની સમસ્યાઓ સર્જાઈ છે:

- નેતૃત્વની કટોકટી
- નીતિગત પક્ષઘાત
- ભ્રષ્ટાચાર અને ભૂલ કરતા પ્રધાનો પર કોઈ નિયંત્રણ નથી

સરકારમાં નેતૃત્વનો અભાવ સ્પષ્ટ દેખાઈ આવે છે. છેલ્લા નવ વર્ષમાં જે કાંઇ નિર્ણયો લેવાયા તે રાષ્ટ્રીય સલાહકાર સમિતિએ જ લીધા છે. બેંક લોનમાફી અને મનરેગાનાં અમલ જેવી અમુક ખોટી નીતિઓને કારણે વર્તમાન આર્થિક સંકટ સર્જાયું છે. કરજમાફીનો ફાયદો પાત્ર ન હોય એવા લોકોને મળ્યો છે. મનરેગાને લીધે કોઈ રાષ્ટ્રીય સંસાધનોનો ઉપયોગ ભરપુર થયો અને કોઈ અસ્કયામતો ઊભી થઇ નથી.

## અર્થતંત્રની પરિસ્થિતિ

ભારતને વિકાસની આવશ્યકતા છે એમાં કોઈ બેમત નથી. આઝાદી પછીનાં ચાર દાયકાઓમાં ગરીબી નિર્મૂલન જેવા લોકપ્રિય નારા અપાતા રહ્યા તે પણ હવે નિરર્થક છે. ભારતને ધીમો વિકાસ પરવડે એમ નથી. ઉચ્ચ વિકાસદર ઉપરાંત બહેતર આર્થિક પ્રવૃત્તિઓ, વધારે રોજગારીનું સર્જન, બહેતર માળખાકીય સુવિધાઓ અને વધુ મહેસુલની જરૂર છે.

ભારતે કુલ વસતિમાંથી મોટા હિસ્સાને કૃષિક્ષેત્રમાંથી ઉત્પાદનક્ષેત્રે ખસેડવાની આવશ્યકતા છે. ભારતને સસ્તા માલ ઉત્પાદક હબ તરીકે વિકસાવવાની જરૂર છે. ઉત્પાદનક્ષેત્રે વિકાસદર ૧૨ થી ૧૪ ટકા હશે તો જ તે કુલ રાષ્ટ્રીય

ઉપજનો ૨૫ ટકા હિસ્સો બનશે. તેના માટે તાત્કાલિક મોટાપાયે માળખાકીય પ્રોજેક્ટો હાથ ધરવા પડશે.

### ભ્રષ્ટાચાર

સરકારી નેતૃત્વ પર કોઈ અંકુશ ન હોવાથી ભ્રષ્ટાચાર યુપીએ સરકારનો હોલમાર્ક બની ગયો છે. યુપીએ સરકારમાં વિવિધ પ્રકારના પ્રધાનો છે. અમુક અભિમાની છે, અમુક બેહદ ભ્રષ્ટાચારી છે, તો અમુક બિનકાર્યક્ષમ છે. ભ્રષ્ટાચાર મૂડીરોકાણમાં ભારતને પસંદગીપાત્ર દેશ તરીકેની પ્રતિષ્ઠાને ઝાંખપ લગાવે છે. આંતરરાષ્ટ્રીય રોકાણકારો ભારતમાં મૂડીરોકાણ કરતા અચકાઈ રહ્યા છે. મૂડીરોકાણની રીવર્સ ફ્લાઇટ ભારતને મોંઘી પડે એમ છે. ભારતીય નેતાઓએ હવે ગંભીર બનીને ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધ ઝડપી કાર્યવાહી કરવાની જરૂર છે.

## આતંકવાદ, ઘૂસણખોરી અને રાષ્ટ્રીય સુરક્ષા

કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ છે. મોડે મોડે પણ કાશ્મીરમાં શાંતિ પુનઃસ્થાપિત થઇ છે. જમ્મુ અને કાશ્મીરમાં પ્રાદેશિક એકતા માટે ભારતે સરહદ પારથી કોઈપણ સુચન કે મંત્રણાને ધ્યાનમાં ન લેવા જોઈએ. સ્થાનિક જનતા સાથે દયાભાવ રાખવાની આપની નીતિ હોવી જોઈએ. ખાસ કરીને વિકાસ અને એકતા પર ભાર મુકવો જોઈએ. આપણે જનતા-તરફી રહીને વિભાજનકારીઓ વિરુદ્ધ નીતિ અપનાવવી જોઈએ. ભારતીય સંસદ પર ૨૦૦૧ની સાલમાં થયેલા હુમલાનાં આરોપીને ફાંસી અપાઈ તેની વિરુદ્ધ જે પ્રતિક્રિયા કાશ્મીરની ખીણમાં જોવા મળી તે હરગીઝ સાંખી ન શકાય એવી હતી. ભારતની એકતા અને સાર્વભૌમત્વ પર હુમલો કરનારાને સજા પણ ન આપી શકાય...?

ભારતીય લોકશાહીમાં માઓવાદી હિંસાનો દોર પણ જોવા મળી રહ્યો છે. માઓવાદીઓ આદિવાસી વિસ્તારોમાં ગરીબોનું શોષણ કરી રહ્યા છે. રાષ્ટ્રીય સંસાધનોનાં પ્રથમ ઉપયોગ વિષે આપણે ચોક્કસ નીતિ ઘડી કાઢવી જોઈએ. પછાત વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જળવાય તેમજ વિકાસ પણ થાય એવી યોજના ઘડવી જોઈએ.

## હૈદ્રાબાદ બોમ્બબ્લાસ્ટ

તાજેતરમાં હૈદ્રાબાદ બોમ્બબ્લાસ્ટમાં કેટલાક નિર્દોષ લોકો માર્યા ગયા અને બીજા અનેક ઈજાગ્રસ્ત થયા. આતંકવાદને ડામવા ગુપ્તચર યંત્રના શક્તિશાળી બનાવવાની જરૂર છે. ગુપ્તચરતંત્ર અને સુરક્ષા દળો ૧૦૦ ટકા સફળ રહેવા જોઈએ. કેન્દ્ર સરકારે રાજ્ય સરકારનાં સહયોગમાં આતંકવાદ સામે લડત આપવી જોઈએ. બંને વચ્ચે ઘર્ષણ ટાળવું જોઈએ. આ વિચારધારાનાં આધારે જ એનસીટીસીની રચના કરવી જોઈએ.

## ભારત અને પડોશી દેશો

ભારતે કદીપણ પડોશી દેશોની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ ન કરવાની નીતિ અપનાવી છે. ભારત પડોશી દેશો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો ઈચ્છે છે, પરંતુ સમગ્ર વિસ્તારની સ્થિરતા આપના માટે એટલી જ મહત્ત્વની છે. પાકિસ્તાનમાં ગરબડ ચાલુ છે. તે દેશ પર કોનું નિયંત્રણ છે, તે સમજી શકાય એમ નથી. આપણા વડાપ્રધાન પાકિસ્તાન સાથે વાટાઘાટોની આશા રાખે છે. તાજેતરમાં ઉશ્કેરણીજનક પગલાંથી તેમની આશા પર પાણી ફરી વળ્યું. નેપાળ ભારત અને ચીન વચ્ચે મહત્ત્વપૂર્ણ દેશ છે. નેપાળ સાથે આપણે ઐતિહાસિક સંબંધો છે. ત્યાં બંધારણીય સંકટ ચાલુ છે. બાંગ્લાદેશ સાથેની વણઉકેલ સમસ્યાઓ હલ કરી આપણા દેશની જનતાને સાનુકુળ લાગે એવા ઉકેલ વિષે વિચાર કરવો જોઈએ. શ્રીલંકામાં માનવ અધિકાર ઉલ્લંઘન તામિલનાડુ અને અન્યત્ર

અસર કરે છે. માલદીવમાં પરિસ્થિતિ એટલી વણસી ગઈ છે કે ત્યાના ભૂતપૂર્વ પ્રમુખે ભારતીય હાઈકમિશનમા આશરો લેવો પડ્યો છે. માલદીવમાં સામાન્ય પરિસ્થિતિ પુનઃસ્થાપિત થાય એવા પ્રયાસો કરવા જોઈએ.

**મહિલાઓ**

ભારતીય સમાજ ૫૦ ટકા મહિલાઓ ધરાવે છે. આમછતાં તેઓ પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે. તે બાબતે આપણે માનસિકતા બદલવી પડશે. દિલ્હીમાં થયેલા બળાત્કાર કાંડ અને અમુક અન્ય ઘટનાઓને લીધે આપનું મસ્તક શરમથી ઝુકી જાય છે. સંસ્કારી સામાજમાં આવું આપણે હરગીઝ સાંખી ન શકીએ.

યુપીએ સરકાર હવે સત્તા ગુમાવવાના માર્ગે આગળ વધી રહી છે. અર્થતંત્રને અવ્યવસ્થાની ખાઈમાં ધકેલી દીધું છે. આવા સંજોગોમાં જોમદાર લોકશાહીની આશા પણ કેવી રીતે રાખી શકાય. કાર્યક્ષમ સરકાર માટે રાજકીય સ્પર્ધા થઇ જાય. તો જ દેશ માટે આશાનું કિરણ દેખાશે.

બિનકાર્યક્ષમ અને ભ્રષ્ટ સરકાર દેશને ભારે નુકસાન પહોંચાડી રહી છે. એક રોમન સેનેટરે કહ્યું હતું કે :
તેઓએ વિશ્વને ઊંડી ખાઈમાં ધકેલી દીધું, અર્ધ નગ્ન લોકોનું વસ્ત્રાહરણ કર્યું અને ભૂખા લોકોની જમીન છીનવી લીધી... તેઓ લાલચી છે. તેઓ ખોટા પૂર્વગ્રહોથી પીડાય છે. આ બધા વચ્ચે તેઓએ પોતાનું સામ્રાજ્ય ખડું કર્યું છે. તેઓ જાગૃત થશે ત્યારે ફક્ત રણ દેખાશે, જેને તેઓ શાંતિ કહે છે.

(આર.કે.સિન્હા)
માનદ મંત્રી
ભાજપ સંસદીય પક્ષ